## શ્રી અરવિન્દ રચિત ગાયત્રી મંત્ર

ॐ

तत्सवितुर् वरं रूपं ज्योतिः परस्य धीमहि ।
यन्नः सत्येन दीपयेत ॥

તે પરમ સૂર્યના ઉત્તમ જ્યોતિ સ્વરૂપનું અમે ધ્યાન કરીએ છીએ, જે અમને સત્ય વડે પ્રકાશિત કરો.

– શ્રી અરવિન્દ

©SRI AUROBINDO ASHRAM TRUST, PONDICHERRY.
FROM: SRI AUROBINDO KENDRA,
MATRUBHAVAN'87, SWASTIK SOCIETY, AHMEDABAD-9
https://themothersprosperity.org

# Prosperity

શ્રી માતાજીની
સિદ્ધિ-રિદ્ધિ

**2024**
**JULY**
૧ જુલાઈ, ૨૦૨૪

**– ગુરુવંદના... –**

**– Sri Aurobindo Says... / શ્રી અરવિન્દની વાણી–**



ALWAYS BEHAVE AS IF THE MOTHER WAS LOOKING AT YOU,
BECAUSE
SHE IS, INDEED, ALWAYS PRESENT.

– SRI AUROBINDO

હંમેશાં એવી રીતે વર્તો કે જાણે શ્રી માતાજી તમને જોઈ રહ્યા છે.
કારણકે,
શ્રી માતાજી ખરેખર જ સદા હાજર છે.

– શ્રી અરવિન્દ

## This Yoga…

**This Yoga accepts the value** of cosmic existence and holds it to be a reality; its object is to enter into a higher Truth-Consciousness or Divine Supramental Consciousness in which action and creation are the expression not of ignorance and imperfection, but of the Truth, the Light, the Divine Ananda.

But for that, surrender of the mortal mind, life and body to that Higher Consciousness is indispensable, since it is too difficult for the mortal human being to pass by its own efforts beyond mind to a supramental consciousness in which the dynamism is no longer mental but of quite another power. Only those who can accept the call to such a change should enter into this Yoga.

– Sri Aurobindo

Letters on Yoga-I

P. 41-42

## આ યોગ…

… આ યોગ વૈશ્વિક અસ્તિત્વના મૂલ્યનો સ્વીકાર કરે છે અને તેને વાસ્તવિક માને છે.

આ યોગનું લક્ષ્ય ઊર્ધ્વની ઋત ચેતના કે દિવ્ય અતિમાનસિક ચેતનામાં પ્રવેશ કરવાનું છે, જેમાં કર્મ અને સર્જન અજ્ઞાન કે અપૂર્ણતાની નહિ પણ સત્ય, પ્રકાશ અને દિવ્ય આનંદની અભિવ્યક્તિ છે.

પરંતુ તે લક્ષ્ય માટે પાર્થિવ મન, પ્રાણ અને શરીરનું તે દિવ્ય ચેતનાને સમર્પણ કરવું અનિવાર્ય છે; કારણકે મર્ત્ય માનવી માટે માત્ર પોતાના જ પ્રયત્ન વડે તે દિવ્ય અતિમાનસિક ચેતના સુધી પહોંચવું અતિ દુષ્કર કાર્ય છે. આ દિવ્ય ચેતનાની કાર્યસાધક શક્તિ મનોમય પ્રકારની હોતી નથી, પરંતુ તે કોઈ જુદી જ શક્તિ હોય છે.

માત્ર જે આ પ્રકારના પરિવર્તનના આદેશને સ્વીકારી શકે એમ હોય તેમણે જ આ યોગમાર્ગમાં પ્રવેશ કરવો જોઈએ.

– શ્રી અરવિન્દ